# મોદી સરકારની મજબૂત છબી ભૂંસાઈ રહી છે?

જે રીતે 'કોક્રોચ જનતા પાર્ટી'નું આંદોલન આગળ વધી રહ્યું છે અને દેશભરમાં યુવાનોનો આક્રોશ રસ્તા પર ઠલવાઈ રહ્યો છે, તે પરથી હાલની કેન્દ્ર સરકાર અને તેના સર્વોચ્ચ નેતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની છબી ખરડાઈ રહી હોવાનું જણાઈ રહ્યું છે. અત્યાર સુધી વર્તમાન કેન્દ્ર સરકાર સમક્ષ અનેક પડકારો આવ્યા અને તે પડકારોમાંથી સરકાર મોટા નુકસાન વિના બહાર નીકળી ગઈ. તેમાં સવિશેષ વડા પ્રધાન તરીકે નરેન્દ્ર મોદીની છબી ખરડાઈ હોય કે તેમના પ્રત્યે વ્યાપક રોષ જન્મ્યો હોય, તેવું પણ ખાસ જોવા મળ્યું નહોતું. પરંતુ આ વખતે 'કોક્રોચ જનતા પાર્ટી'ના જંતર-મંતર ખાતે ચાલી રહેલા આંદોલનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મીમ બન્યા અને તેમના વિશે અણછાજતી ટિપ્પણીઓ કરવામાં આવી. આખરે વિદ્યાર્થીઓના સમર્થનમાં અનેક સેલિબ્રિટીઓએ પણ અવાજ ઉઠાવ્યો. ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશીએ પણ સરકારે પોલીસ મારફતે દાખવેલી ક્રૂરતાની ટીકા કરી. આ લખાય છે ત્યાં સુધી 'કોક્રોચ જનતા પાર્ટી'ના પ્રતિનિધિઓ સાથે સરકારના બે મંત્રીઓની બંધ બારણે બેઠક થઈ ચૂકી છે, પરંતુ હજુ પણ 'કોક્રોચ જનતા પાર્ટી' પોતાની ત્રણ માંગણીઓ પર અડગ છે.

હાલની કેન્દ્ર સરકાર હજુ પણ પોતાને મજબૂત સરકાર તરીકે રજૂ કરી રહી છે. આ આંદોલન ચાલી રહ્યું હતું અને જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ થઈ રહ્યો હતો, ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદ પરિસરમાં

**હાલની 'નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ' સરકાર આવા મુદ્દાઓમાં ટસથી મસ થતી નહોતી, તેનું એક મુખ્ય કારણ ચૂંટણીમાં ભાજપને મળતું સતત જનસમર્થન હતું**

બિન્દાસપણે પ્રેસ બ્રિફિંગ કર્યું હતું. આ રીતે પ્રેસ બ્રિફિંગ કરીને તેમણે એવો સંદેશ આપવાનો પ્રયાસ કર્યો કે વિદ્યાર્થી આંદોલનથી સરકારને કોઈ ફરક પડતો નથી. એક સમય સુધી 'કોક્રોચ જનતા પાર્ટી'ના આંદોલનની કેન્દ્ર સરકારે નોંધ પણ લીધી નહોતી. એટલું જ નહીં, આ આંદોલનની અવગણના કરવાનું સરકારે નક્કી કરી લીધું હતું. અગાઉ પણ કેન્દ્ર સરકાર કે ખુદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું વલણ જોવામાં આવે તો તેમાં ક્યાંય નબળાઈ દેખાય નહીં તેની ખાસ તકેદારી રાખવામાં આવતી હતી. ઈરાન-અમેરિકા વચ્ચેના યુદ્ધ જેવી સ્થિતિ દરમિયાન દેશમાં ક્રૂડ ઓઈલ અને ગેસની તંગી સર્જાઈ ત્યારે પણ કેન્દ્રના કોઈ મંત્રી કે નેતા જાહેરમાં ચિંતિત દેખાયા નહોતા. એ જ રીતે પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણના મુદ્દે લોકોમાં રોષ ઊભો થયો ત્યારે પણ સરકાર અડગ રહી અને આખરે ઈથેનોલ-૨૦ પેટ્રોલનો વિકલ્પ જ આગળ ધપાવ્યો. આવા અનેક વિરોધો છતાં વર્તમાન કેન્દ્ર સરકારે પોતાનું વલણ બદલ્યું નહોતું.

તેમાંનો એક વિરોધ 'રેસલિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયા'ના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ સામે મહિલા પહેલવાનો દ્વારા કરવામાં આવ્યો હતો. બ્રિજભૂષણ ભાજપના સાંસદ હતા અને ઉત્તર પ્રદેશના બાહુબલી નેતા તરીકે ઓળખાતા હતા. છ ટર્મ સુધી સાંસદ રહેલા બ્રિજભૂષણ સામે મહિલા પહેલવાનોએ જાતીય સતામણીના ગંભીર આરોપો લગાવ્યા છતાં કેન્દ્ર સરકાર તેમની સામે તાત્કાલિક કાર્યવાહી કરવા તૈયાર નહોતી. આ મુદ્દે મહિલા પહેલવાનોએ દિવસો સુધી જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શન કર્યું, તેમ છતાં સરકાર સંવાદ માટે આગળ આવી નહોતી. બાદમાં દિલ્હી પોલીસે બ્રિજભૂષણ સામે ચાર્જશીટ દાખલ કરી, પરંતુ મહિલા પહેલવાનોને લાગ્યું કે તેમની સામે પૂરતા અને મજબૂત પુરાવા એકત્ર કરવામાં આવ્યા નહોતા. ત્યારબાદ 'રેસલિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયા'ની ચૂંટણીમાં બ્રિજભૂષણના સમર્થક ઉમેદવારની જીત થઈ. આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન પણ કેન્દ્ર સરકારની ભારે ટીકા થઈ, પરંતુ સમય જતાં આ મુદ્દો પણ ધીમે ધીમે ચર્ચામાંથી બહાર નીકળી ગયો. હાલની 'નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ' સરકાર આવા મુદ્દાઓમાં ટસથી મસ થતી નહોતી, તેનું એક મુખ્ય કારણ ચૂંટણીમાં ભાજપને મળતું સતત જનસમર્થન હતું. હાલમાં કેન્દ્ર સરકારના વોટ શેરમાં ભાજપનો હિસ્સો



આશરે ૩૬.૫૬ ટકા છે. વર્તમાન રાજકીય પરિસ્થિતિમાં આ વોટ શેર નોંધપાત્ર માનવામાં આવે છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે ૫૪૩માંથી ૩૦૩ બેઠકો જીતી હતી. આ અગાઉ ભાજપે ક્યારેય આટલી બેઠકો મેળવી નહોતી. ૨૦૧૯નો સમય ભાજપ માટે સુવર્ણકાળ ગણાયો હતો. તે પહેલાં ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપે ૫૪૩માંથી ૨૮૨ બેઠકો મેળવી હતી.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અને વિકાસલક્ષી નેતા તરીકે નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સ્તરે લોકપ્રિયતા મેળવી હતી. પ્રથમ વખત વડા પ્રધાન તરીકે શપથ લીધા ત્યારે દેશમાં એવી આશા જાગી હતી કે હવે શાસનવ્યવસ્થામાં મોટા ફેરફારો થશે. કેટલાક સુધારાત્મક અને પ્રયોગશીલ પગલાં લેવામાં પણ આવ્યા. પરંતુ ૨૦૧૬માં અચાનક નોટબંધી જાહેર થતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ણયોની દૂરદર્શિતા અંગે પ્રશ્નો ઉઠવા લાગ્યા. સરકાર કાળા નાણાં સામે લડત, આતંકવાદને મળતી રોકડ પર અંકુશ અને ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન જેવા ઉદ્દેશોની વાત કરતી હતી. જોકે કાળા નાણાં પર તેની અપેક્ષિત અસર થઈ નહોતી. બીજી તરફ વેપાર-ઉદ્યોગને ભારે ફટકો પડ્યો અને દેશમાં અંધાધૂંધી જેવી સ્થિતિ સર્જાઈ. અનેક અર્થશાસ્ત્રીઓએ આ નિર્ણયને ઉતાવળભર્યો અથવા અવ્યવહારુ ગણાવ્યો. નોટબંધીને કારણે સરકારની ભારે ટીકા થઈ, પરંતુ તેની રાજકીય છબિને કાયમી નુકસાન થયું નહોતું. ૨૦૨૦-૨૧ દરમિયાન કોરોના મહામારી આવી ત્યારે પણ સરકારના કેટલાક નિર્ણયો વિવાદમાં રહ્યા. અચાનક જાહેર કરાયેલા લોકડાઉનને કારણે લાખો શ્રમિકો શહેરોમાંથી પોતાના ગામો તરફ નીકળી પડ્યા. આ પરિસ્થિતિમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા અને સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનું પણ પૂરતું પાલન થઈ શક્યું નહોતું.

**ઈન સાઈડ આઉટ સાઈડ**
**કિરણ કાપૂરે**

સરકાર દ્વારા આરોગ્યસુવિધાઓ ઊભી કરવા અને કોરોના વેક્સિનના ઝડપી ઉત્પાદન માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ તે પહેલાં અનેક લોકોનાં મૃત્યુ થઈ ચૂક્યાં હતાં. મૃત્યુના આંકડા અંગે પણ વિવાદ ઊભા થયા. મહામારી વૈશ્વિક હતી, છતાં વડા પ્રધાન દ્વારા થાળી વગાડવાનું આહ્વાન કરવામાં આવતાં તેની પણ વ્યાપક ટીકા થઈ હતી. ત્યારબાદ કેન્દ્ર સરકાર સામે સૌથી મોટો પડકાર ૨૦૨૦-૨૧નું ખેડૂત આંદોલન બન્યું. આ આંદોલનમાં સરકાર દ્વારા લાવવામાં આવેલા ત્રણ કૃષિ કાયદાનો વિરોધ કરવામાં આવી રહ્યો હતો. ઉપરાંત ખેડૂતો ન્યૂનતમ ટેકાના ભાવ (એમએસપી)ની કાનૂની ગેરંટીની માંગ કરી રહ્યા હતા. આ આંદોલન એક વર્ષથી વધુ સમય સુધી ચાલ્યું. શરૂઆતમાં સરકાર પોતાના નિર્ણય પર અડગ રહી, પરંતુ ખેડૂતોના સતત વિરોધ બાદ અંતે સરકારે ત્રણેય કૃષિ કાયદા પાછા ખેંચી લીધા.

કેન્દ્ર સરકાર પર 'એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ' (ઈડી)નો રાજકીય ઉપયોગ કરવાનો, મુખ્યધારાના મીડિયાને પ્રભાવિત કરવાનો, વિરોધ પક્ષને નબળો પાડવાનો અને બંધારણીય સંસ્થાઓ પર દબાણ લાવવાનો આરોપ વારંવાર લાગતો રહ્યો. સરકારે આ મુદ્દાઓ પર ખુલ્લેઆમ બહુ ઓછું બોલવાનું પસંદ કર્યું. આ દરમિયાન ડિજિટલ મીડિયાનો, ખાસ કરીને યુટ્યુબ આધારિત ન્યૂઝ ચેનલોનો વ્યાપ વધ્યો. પરિણામે સરકારના નિર્ણયોની વધુ ખુલ્લી ચર્ચા થવા લાગી. મુખ્યધારાના મીડિયાની તુલનામાં અનેક સ્વતંત્ર પત્રકારોએ યુટ્યુબ અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ પર સરકારની નીતિઓ અને નિર્ણયો અંગે સવાલો ઉઠાવ્યા. આ રીતે સરકારની જવાબદારી નક્કી કરવામાં ડિજિટલ મીડિયાની ભૂમિકા વધુ મહત્વની બની.

વર્તમાન કેન્દ્ર સરકારની મજબૂત છબીનો એક આધાર આંતરરાષ્ટ્રીય સ્તરે ઊભી થયેલી તેની પ્રતિષ્ઠા પણ હતી. જોકે હવે આ છબીમાં પણ તિરાડ પડતી હોવાનું કેટલાક નિરીક્ષકો માને છે. યુરોપ પ્રવાસ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીને એક મહિલા પત્રકારે 'તમે પ્રશ્નોના જવાબ કેમ આપતા નથી?' એવો પ્રશ્ન પૂછ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓના આંદોલન દરમિયાન પોલીસની કાર્યવાહી અને સરકારની કથિત અસંવેદનશીલતાને કારણે સરકાર તથા વડા પ્રધાનની છબીને અસર થઈ હોવાનું રાજકીય વિશ્લેષકોનું માનવું છે. રામ મંદિરને લગતા વિવાદોએ પણ સરકારને અસહજ સ્થિતિમાં મૂકી હતી. આ અને અન્ય અનેક કારણોસર અત્યાર સુધી મજબૂત દેખાતી 'એનડીએ' સરકારની છબીમાં હવે પડકારો સ્પષ્ટ દેખાવા લાગ્યા છે. કદાચ એ જ કારણ છે કે એક મહિનાથી પણ ઓછા સમયના વિદ્યાર્થી આંદોલન બાદ સરકારે આંદોલનકારીઓ સાથે સંવાદ શરૂ કરવાની જરૂરિયાત અનુભવી.

# યે મેરા દીવાનાપન હૈ: તમારી 'સનક'નું સ્કોર-બોર્ડ શું છે?



**ટાઇટલ:**
**દરેક માણસમાં 1 પાગલ વસે છે, કેટલાંકમાં 2-3 કે વધુ! (છેલવાણી)**

સન્ડે બપોરે પલંગ પર પડ્યા-પડ્યા છતની ઊંચાઈ માપતાં-માપતાં 2-3 કલાક ગાળતા હો, તો યા તો તમે પાગલ છો અથવા તો જીનિયસ! જોકે આમાં પાગલ હોવાની શક્યતા વધુ છે, એવું જાતઅનુભવ પરથી કહી શકીએ છીએ.

'પાગલપન', 'મેડનેસ' કે 'દીવાનગી' માટે મુંબઈયા ભાષામાં એક માઈન્ડ-બ્લોઇંગ શબ્દ છે - 'સનકી!' જાણે-અજાણે આપણે સૌ થોડાઘણાં સર્ટિફાઇડ 'સનકી' છીએ જ. તો ચાલો, ચેક કરીએ તમારી અંદર કેટલી 'સનક' ભરી છે!

દર વર્ષે દુનિયામાં જાતજાતના સર્વે થતા હોય છે તો અહીં કેટલાક અજીબોગરીબ સવાલોના જવાબ આપો અને આ પ્રશ્નોત્તરી દ્વારા જાણો કે તમે ખરેખર કેટલા પાગલ, સનકી કે પછી એકદમ નોર્મલ છો.

સૂચના: દરેક પ્રશ્નમાં 'હા' માટે 2ગુણ અને 'ના' માટે 1ગુણ.

(ચોખવટ: જવાબ શોધવા ઈન્ટરનેટ પર ભટકવું નહીં. કારણ કે એમાં બે શક્યતા છે - કાં તો તમે પાગલ થઈ જશો અથવા તો 'હું પાગલ છું' એવું માનવા માંડશો!)

1. ટીવી પર સમાચારો જોઈને દેશની ચિંતા થાય છે? (અહીં દેશ એટલે પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા વગેરે કોઈપણ!)
2. તમે પિઝ્ઝા સાથે છૂંદો કે ગોળકેરી ખાઈને મજા લીધી છે?
3. તમને રોજ સવારે એ જ ચા-બિસ્કિટ જોઈને લાગે છે કે જિંદગી 'રિપીટ મોડ'માં ચાલી રહી છે?
4. બજારમાં જૂની ગર્લફ્રેન્ડ/બોયફ્રેન્ડ મળે, જે હવે પરણેલ હોય, તો તેના બાળકને જોઈને તમને એમ થાય કે બાળક થોડું તમારા જેવું દેખાય છે? (બાળક એના પાડોશીનું પણ હોઈ શકે!)
5. રસ્તે જતાં કોઈ અજાણ્યાના વરઘોડામાં નાચવાની તીવ્ર ઈચ્છા થાય છે?
6. તરબૂચમાં 'બૂચ' કેમ નથી? એવું વિચારીને ચિંતા કરો છો?
7. તમે ભૂતપૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુને રસ્તાનાં ખાડાં કે સેફ્ટી પિનના ભાવવધારા માટે જવાબદાર ગણો છો?
8. ગાંધીજી એટલે માત્ર 'સ્વચ્છતાનો સંદેશ' આપનાર કોઈ બૂઢ્ઢા હતા - એવું માનો છો?

**મિજાજ મસ્તી**
**સંજય છેલ**

9. આયનામાં પોતાની જાતને જોઈને ક્યારેય કહ્યું છે - 'હવે તો સુધર!'
10. સ્વિમિંગ પૂલમાં સૂ-સૂ કરવાની શરારત કરી છે?
11. રાશિભવિષ્ય વાંચીને એવું લાગે છે કે હવે તમારી રાશિ જ બદલી નાખવી જોઈએ?
12. તમારું લોહી વેચીને પણ શેરબજારમાં રોકાણ કરવાનું મન થાય છે?
13. ડોરબેલ હાથથી નહીં, પગથી દબાવવી જોઈએ એવું લાગે છે?
14. પડોશીની કચરાપેટી ચેક કરવાનું મન થયું છે?
15. શોપિંગ મોલમાંથી કંઈ પણ ખરીદ્યા વગર બહાર આવવામાં એક અલગ જ આનંદ આવે છે?
16. કોઈ પ્રસિદ્ધ વ્યક્તિનો ઓટોગ્રાફ લઈને પછી પૂછ્યું છે - 'બાય ધ વે, તમે શું કરો છો?'
17. તમે ભલે ગુજરાતના કોઈ ગામમાં કે મુંબઈની ચાલમાં રહેતા હો, છતાં ઈન્ટરનેટ પરથી વાંચીને 'એલન મસ્ક'થી લઈને 'એરંડિયા' સુધી કોઈપણ વિષય પર ભાષણ આપી શકો એવી હિંમત રાખો છો?
18. તમને લાગે છે કે તમારા સપનાઓ હંમેશાં બ્લેક એન્ડ વ્હાઈટમાં જ આવે છે?
19. ફેસબુક કે ટ્વિટર પર ચર્ચામાં લોકોને ગાળો આપીને બહાદુરી કે સ્ટાઈલ અનુભવો છો?

**ઇન્ટરવલ**

**'યે મેરા દીવાનાપન હૈ, યા મહોબ્બત કા સુરૂર...' – શૈલેન્દ્ર**

20. ટીવી પર આવતા ગીત-સંગીતના રિયાલિટી શોને સાચા માનીને ઉશ્કેરાઈ જાઓ છો?
21. લિફ્ટ આવે ત્યાં સુધી બટન વારંવાર દબાવતા રહો છો?
22. મિત્રો વચ્ચે ઉગ્ર ચર્ચા ચાલતી હોય ત્યારે આંધળા-બહેરાનો અભિનય કરીને ચૂપ રહી જાઓ છો?
23. કોઈ પપૈયું કાપીને ખાય છે કે તેનો જ્યુસ પીવે છે - તેના પરથી માણસનું મૂલ્યાંકન કરો છો?

**યારો, તમારો સ્કોર જે પણ હોય, પણ 'સનક' વિનાની લાઇફ 'નમક' વિનાના આંસુ જેવી છે. વળી, આવી ક્વિઝના જવાબ આપવા બેસવું પણ એક જાતની દીવાનગી જ છે**

24. ઓશો રજનીશ કે જે. કૃષ્ણમૂર્તિને વાંચ્યા વગર જ તેમની ટીકા કરી શકો છો?
25. લંગોટિયા મિત્ર સાથે રાજકારણની નકામી ચર્ચા કરીને સંબંધ તોડ્યો છે?
26. ગરબા રમતી વખતે બાજુમાં ઉતારેલા તમારા ચપ્પલની સતત ચિંતા રહે છે?
27. 'પુરુષો સામે સ્ત્રીઓ' અથવા 'સ્ત્રીઓ સામે પુરુષો' બોલીને ખુશ થાઓ છો?
28. પલંગની કઈ બાજુથી નીચે ઉતરવું એ વિચારીને નીચે ઉતરતાં પણ ડરો છો?
29. તમારું વજન ભલે નેવું કિલો હોય, છતાં હીરો-હીરોઈનના સિન્થેટિક સૌંદર્ય વિશે ચિંતા કરો છો?
30. તમારા સંતાનને ચિત્રકાર, ક્રિકેટર કે કવિ બનવા પ્રોત્સાહિત કરતાં ડરો છો?
31. થર્મોકોલના દાણા ફોલવામાં તમને એક જાતની આંતરિક શાંતિ મળે છે?
32. સાવ અજાણી વ્યક્તિને રોંગ નંબર લગાડીને અમસ્તી લાંબી વાત કરી છે?
33. ગુસ્સામાં ક્યારેય ભગવાન સાથે સાચા દિલથી કિટ્ટા કર્યા છે?
34. જૂના પ્રેમપત્રો વાંચીને તેમાં વ્યાકરણની ભૂલો શોધો છો?
35. ક્યારેય કોઈ પતંગ પકડવા દોડ્યા છો? કે પછી તેના વિશે નિબંધ કે કવિતા લખીને જ ખુશ થઈ ગયા છો?

...યારો, તમારો સ્કોર જે પણ હોય, પણ 'સનક' વિનાની લાઈફ 'નમક' વિનાના આંસુ જેવી છે. વળી, આવી ક્વિઝના જવાબ આપવા બેસવું પણ એક જાતની દીવાનગી જ છે.

સાચી દીવાનગી તો જીવનનું સત્ય પામવાની મથામણમાં છે. બાકી, રવિવારની રજામાં પણ જો તમે આવી પ્રશ્નોત્તરીનો સ્કોર ગણતા બેઠા હો, તો તમે નક્કી દીવાના છો જ... પણ એની પણ ઘડી-બેઘડી મજા લઈ લો. કારણ કે 'મતલબ વિનાની મજા' લેવાથી મોટી કોઈ 'મેડનેસ' નથી.

**એન્ડ ટાઇટલ્સ**

**ઈવ: 'તું ઈશ્વરમાં માને છે?'**
**આદમ: 'હા... પણ શું ઈશ્વર મને સાંભળે છે?'**

# લિયોનેલ મેસી, ફૂટબોલ વિશ્વને તારી મેજિક મોમેન્ટનો અંતિમ સ્પર્શ આપવા બદલ આભાર

રવિવારે ફિફા વર્લ્ડકપ ફાઈનલ રમાવાની હતી તે પહેલા તેના ચાહકોને એવું લાગ્યું કે જાણે હું કોઈ જાદુઈ પ્રદર્શન માટે તૈયાર થઈ રહ્યો છું. જાદુગર સ્ટેજ પર પગ મૂકવા માટે તૈયાર હતો. પત્તાનો ઢગલો તૈયાર હતો. ટોપી ટેબલ પર હતી, સસલાને બહાર નીકળે તેની રાહ જોવાતી હતી. એક નીડર, હંમેશા હસતો આસિસ્ટન્ટ પોતાનો ભાગ ભજવવા માટે તૈયાર ઊભો હતો. મેટલાઈફ સ્ટેડિયમમાં, જ્યારે લિયોનેલ મેસી બહાર નીકળ્યો, ત્યારે એવું લાગ્યું કે જાદુગર હૌદિનીના અંતિમ પ્રદર્શન માટે તૈયારી કરી રહ્યો હતો. તટસ્થ ખેલાડીઓ પણ એ જોવા માટે તૈયાર હતા કે શું 39 વર્ષીય ખેલાડી ખરેખર તે કરીને ઈતિહાસ રચી શકે છે. કેટલાક લોકો તો એવી દલીલ પણ કરશે કે તે તેનું ભાગ્ય હતું. છતાં, 1990ના દાયકાના અંતમાં પ્રખ્યાત બ્રેકિંગ ધ મેજિશિયન્સ કોડ ડોક્યુમેન્ટરી સીરિઝની જેમ, સ્પેને ભ્રમ દૂર કર્યો અને મેસીના

**ખેલખેલમેં**

જાદુને હળવો બનાવી દીધો. ફાઈનલ પત્યા પછી આર્જેન્ટિનાના કેપ્ટન મેસીનો એક અલગ ચહેરો જોવા મળ્યો અને સ્પેનને ટ્રોફી ઉપાડતા જોતા તેના ગાલ પરથી આંસુ વહી રહ્યા હતા.

વિશ્વભરના મેસીના ચાહકો માટે તે ખરેખર નિરાશાની ક્ષણ જેવું લાગ્યું. થોડા વર્ષો પહેલા, આ દૃશ્ય બધા ચાહકોને ખૂબ ગમ્યું હોત. માન્ચેસ્ટર યુનાઈટેડ પ્રત્યેની ચાહકોની નિષ્ઠાનો અર્થ એ થાય કે તેઓ ક્રિસ્ટિયાનો રોનાલ્ડોના ચાહક તરીકે મોટા થયા છે. જો કે તે પછી મેસીએ જે રીતે બે વાર UEFA ચેમ્પિયન્સ લીગની ફાઈનલમાં એ ટીમને હરાવીને બાર્સેલોનાને નવી ઊંચાઈઓ પર લઈ ગયો અને તે પછી માન્ચેસ્ટર યુનાઈટડના ચાહકોમાં મોટો બદલાવ આવ્યો અને તેઓ મેસીના કારણે બાર્સેલોનાના ચાહકો બન્યા, તે પછી મેસીની ટીમ બદલાતી રહી પણ તેના ચાહકો તેની સાથે જ રહ્યા. ફાઈનલ પછી આ લખનાર સોશિયલ મીડિયા પર એટલા માટે સ્ક્રોલ કરતો રહ્યો કે શું મેસી ઈન્ટરનેશનલ ફૂટબોલમાંથી નિવૃત્તિની જાહેરાત કરશે. પણ હજુ એવું થયું નથી, છતાં એવું માની શકાય કે આ તેનો છેલ્લો વર્લ્ડકપ હતો.



2022 ના વર્લ્ડકપ સુધી તે પોતાનું ઘર, બાર્સેલોના છોડી ચૂક્યો હતો, અને પીએસજીને મોટા સન્માનો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરતી વખતે ત્યાં પોતાનું સ્થાન મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યો હતો. 2022ના ફિફા વર્લ્ડકપમાં આર્જેન્ટીનાની શરૂઆત આદર્શ કહેવાય તેવી નહોતી અને સાઉદી અરેબિયા સામેની તેની હારથી નવા પ્રશ્નો ઉભા થયા હતા કે શું મેસી વર્લ્ડકપ વગર જ નિવૃત્ત થશે પણ વર્ષોથી હરીફ ટીમોને આતંકિત કરતા તેને જોયા પછી, તમે એ જાણતા થઈ ગયા હતા કે મેસીની પ્રસિદ્ધ મેજિક મોમેન્ટ નજીક આવી રહી છે. બરાબર એવું જ બન્યું. મેસીએ મેચોને તેમના માથા પર ફેરવવાનું શરૂ કર્યું, આર્જેન્ટિનાને નોકઆઉટ રાઉન્ડમાં લઈ ગયો. ચાહકોની જેમ, તેના સાથી ખેલાડીઓ તેની આસપાસ ભેગા થયા, જેનાથી વર્લ્ડકપ જીતવાનું તેનું સ્વપ્ન પોતાનું બન્યું. કદાચ અત્યાર સુધીની સૌથી મહાન વર્લ્ડકપ ફાઈનલમાં પણ, મેસીને કિલિયન એમબાપ્પે અને ફ્રાન્સ દ્વારા તેની મર્યાદામાં બાંધી રખાયો હોવા છતાં જ્યારે આર્જેન્ટિનાને તેની સૌથી વધુ જરૂર હતી, બે ગોલ તેની જાદુઈ ટોપીમાંથી બહાર આવ્યા અને આર્જેન્ટીનાએ પોતાનો પહેલું વર્લ્ડકપ જીત્યો.

**લિયોનેલ મેસીએ કદાચ ઇન્ટરનેશનલ ફૂટબોલમાંથી વિશ્વકપ પતતાની સાથે જ એક અનુભવી જાદુગરની જેમ અંતિમ સમયે સ્ટેજ છોડી દીધું હોય તેવું હાલ તત્કાળ તો પ્રતિત થાય છે, પોતાના અંતિમ વર્લ્ડકપ ઝુંબેશ દરમિયાન, મેસીએ બતાવ્યું કે તે કેવી રીતે આર્જેન્ટિના ટીમને એક સામાન્ય ધ્યેય માટે ઉત્સાહિત કરવામાં સક્ષમ હતો**

2026ના વર્લ્ડકપ પહેલા મેજર લીગ સોકરમાં તેણે ઈન્ટર મિયામી વતી રમીને ધમાલ મચાવી અને તે પછી વર્લ્ડકપમાં અલ્જીરિયા સામેની મેચ આવી. પહેલી જ મેચમાં હેટ્રિક ગોલ કરીને તેણે તેની સામે શંકાઓ ઊભી કરનારાઓને શાંત કરી દીધા. તે પછી ટૂંક સમયમાં જ, તેણે વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ ગોલ કરવાનો રેકોર્ડ તોડી નાખ્યો, અને ફરી એકવાર, એવું લાગ્યું કે આર્જેન્ટિના તેની આસપાસ એકત્ર થઈ રહ્યું છે. તેમનું મિશન સરળ હતું: તેમના મસીહાને ફરીથી વિશ્વ ચેમ્પિયન બનાવવું. સેમી ફાઈનલ અને ફાઈનલમાં મેસી ગોલ ન કરી શક્યો પણ તેના આસિસ્ટને કારણે આર્જેન્ટીના સેમી ફાઈનલ જીત્યું. મેસી માટે ભલે ગોલ ઓછા થયા પણ તેનો પ્રભાવ ક્યારેય ઓછો થયો નહીં. મેસીએ ટુર્નામેન્ટનો અંત આઠ ગોલ અને ચાર આસિસ્ટ સાથે કર્યો. તેના 2022 અને 2026 વર્લ્ડ કપ ઝુંબેશ વચ્ચે સમાનતાઓ ત્યાં જ સમાપ્ત થઈ ન હતી. જ્યારે ચાહકોએ સુપરમેનનું 2025 વર્ઝન જોયું, ત્યારે વિશ્વના સૌથી મહાન સુપરહીરોમાંના એકને થોડા વધુ માનવ બનતા જોવા વિશે કંઈક રસપ્રદ લાગ્યું. મેસી ભલે ગમે ત્યારે સુપરમેન બની જાય, પણ તે હંમેશા રોઝારિયોનો અંતર્મુખી, શરમાળ છોકરો રહ્યો છે. જ્યારે તેણે ઘણીવાર મેદાન પર લાગણીઓના ચમકારા બતાવ્યા છે, ત્યારે 2022 અને 2026 ના વર્લ્ડકપે દરેકને યાદ અપાવ્યું કે તે ખરેખર માણસ હતો. અને તેથી જ કહેવું પડે છે કે 'મેસી, તારી ફાઈનલ મેજિક મોમેન્ટ માટે તારો આભાર.